## ગરમીથી વલસાડમાં રોડનો ડામર પીગળી ગયો

વલસાડ : વલસાડ છેલ્લા થોડા દિવસથી ગરમીનો પારો ઉપરને ઉપર જઇ રહ્યો છે. ગત રોજ પણ તાપમાનનો પારો 38 સુધી પહોંચી ગયો હતો. જેની સાથે વલસાડના છીપવાડ વિસ્તારમાં બનેલો નવા રોડનો ડામર પીગળી ગયો હતો. જેના કારણે પાલિકાએ રાત્રી દરમિયાન આડેધડ ધૂળ નાખીને પોતાના આડેધડ કરાયેલા કામના આડેધડ થીંગડા માર્યા હતા. જેની સામે પણ સ્થાનિકોએ આક્રોષ વ્યક્ત કર્યો હતો.

વલસાડના છીપવાડમાં એક મહિના પહેલા જ બનાવેલા રોડનું યોગ્ય રીતે ડસ્ટીંગ કરાયું ન હોય આ રોડ હાલ ગરમીમાં પીગળી ગયો હતો. એટલી હદે ડામર પીગળ્યો કે, રસ્તા પર પાણી ઢોળાયું હોય એવું લાગતું હતુ. જેની વ્યાપક ફરિયાદ ઉઠી હતી અને તેનો વિડિયો સોશ્યલ મિડિયા પર વાઇરલ થયા બાદ નગરપાલિકાએ રવિવારે તાત્કાલિક અહીં ડસ્ટીંગ કરાવવું પડ્યું હતુ. જોકે, ડસ્ટીંગ પણ એટલું આડેધડ કર્યું કે, સોમવારે સવાર થતાં જ ધૂળની ડમરીઓનું જાણે તોફાન આવ્યું હોય એવું લાગ્યું હતુ. તેમજ દુકાનદારોની દુકાનોમાં ધૂળના થર જામ્યા હતા.

### ગરમીના કારણે ચીખલીમાં લોકડાઉન જેવી સ્થિતિ

ઘેજ : સમગ્ર ગુજરાતમાં છેલ્લા એક પખવાડિયા થી ઉનાળાની ઋતુએ પોતાનો અસલી મિઝાઝ બતાવવાનું શરૂ કર્યું છે.મહત્તમ તાપમાનનો પારો સરેરાશ ૩૬ થી ૩૮ ડિગ્રીની આસપાસ રહેતા લોકો ગરમીનો પ્રકોપ સહન કરી રહ્યા છે.સોમવારના રોજ તાપમાનનો પારો એકાએક ૩ થી ૪ ડીગ્રી ઊંચકાઈ ને ૪૧ ડીગ્રી થયા બાદ હવામાન વિભાગ દ્વારા હજુ આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રી નો વધારો થવાની આગાહી કરવામાં આવી છે કાળઝાળ ગરમીથી બચવા લોકો ઘરની બહાર જવાનું ટાળી રહ્યા છે જેને પગલે ચીખલી પંથકના મુખ્ય વિસ્તારોમાં બપોરના ૧૨ થી ૪ વાગ્યા સુધી બજાર અને રસ્તાઓ સુમસાન ભાષી રહ્યા છે.અને સ્વંયભુ લોકડાઉન હોય તેવો માહોલ સર્જાવા પામ્યો છે.

### નવસારીમાં તાપમાનનો પારો 41 ડિગ્રી પારથી લોકો અકળાયા



નવસારીઃ નવસારી જિલ્લામાં ઉનાળાએ આકરો મિજાજ બતાવતા છેલ્લા બે દિવસથી તાપમાન 41 ડિગ્રીને પાર પહોંચી ગયું છે. નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ 10 મેના રોજ મહત્તમ તાપમાન 41.5 ડિગ્રી અને 11 મેના રોજ 41.3 ડિગ્રી નોંધાયું હતું. બીજી તરફ સવારે 85થી 92 ટકા સુધી ભેજ નોંધાતા ગરમી સાથે ભારે બફારો અને ઉકળાટનો અનુભવ થઇ રહ્યો છે. પરિણામે લોકો દિવસભર અકળાઈ ઉઠ્યા છે અને બપોરના સમયે શહેરના રસ્તાઓ સૂમસામ બનતા જોવા મળી રહ્યા છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ માત્ર ઊંચું તાપમાન જ નહીં પરંતુ ભેજનું વધતું પ્રમાણ પણ લોકોને વધુ પરેશાન કરી રહ્યું છે. ભેજના કારણે શરીરમાંથી નીકળતો પરસેવો ઝડપથી સુકાતો નથી, જેના કારણે શરીરનું તાપમાન વધી જાય છે અને ભારે ઉકળાટ અનુભવાય છે. દક્ષિણ ગુજરાતમાં ચોમાસા પૂર્વે સામાન્ય રીતે આવી સ્થિતિ સર્જાતી હોય છે, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ગરમી અને ભેજનું પ્રમાણ વધુ તીવ્ર બન્યું હોવાનું માનવામાં આવે છે. શહેરમાં વધી રહેલું શહેરીકરણ અને ઘટતી હરિયાળી પણ ગરમી વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. કોંક્રિટના વધતા જંગલ અને વાહનોમાંથી નીકળતી ગરમીના કારણે "હીટ આઇલેન્ડ ઈફેક્ટ" સર્જાઈ રહ્યો છે, જેના કારણે શહેરનું તાપમાન વધુ ઊંચું રહે છે. ગરમીની સૌથી વધુ અસર દૈનિક મજૂરો, ટ્રાફિક પોલીસ, રિક્ષાચાલકો અને ખુલ્લામાં કામ કરતા લોકો પર જોવા મળી રહી છે. બપોર દરમિયાન લોકો ઠંડા પીણાં, શેરડીનો રસ, છાસ અને આઈસ્ક્રીમ તરફ વળતા નજરે પડી રહ્યા છે. બીજી તરફ તબીબોએ લોકોને બપોરના સમયે તડકામાં બહાર ન નીકળવા, વધુ પાણી પીવા અને હીટસ્ટ્રોકથી બચવા ખાસ સાવચેતી રાખવાની સલાહ આપી છે. આગામી દિવસોમાં પણ ગરમીનો પ્રકોપ યથાવત રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.



નિલેશ કાપડિયા

### વાંસદામાં રસ્તાઓ સૂમસામ જોવા મળ્યા

વાંસદા: નવસારી જિલ્લાના વાંસદા તાલુકામાં છેલ્લા બે - ત્રણ દિવસથી ગરમીનો પ્રકોપ સતત વધતા લોકો અકળાઈ રહ્યા છે, જેમાં તા.૧૧મેં ના રોજ તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચતા લોકો આગ ઝડતી ગરમીથી પરેશાન થઈ ગયા હતા. તીવ્ર તાપ અને ભારે બફારાના કારણે ઉકળાટ ભર્યા વાતાવરણમાં વાંસદા નગરના મુખ્ય રસ્તાઓ ઉપર સામાન્ય દિવસો કરતા લોકોની અવરજવર ઓછી જોવા મળી હતી.

## નવસારી જિલ્લાના જવાન હૃદયનું વતનમાં ધબકતું બંધ થઇ ગયું





**ઘેલખડીમાં** રજા દરમિયાન આર્મી જવાનનું અચાનક અવસાન

**લશ્કરી** સન્માન સાથે અપાઈ અંતિમ વિદાય

નવસારીઃ નવસારી જિલ્લાના ઘેલખડી ગામમાં દેશસેવામાં તત્પર રહેલા યુવાન આર્મી જવાનના અચાનક નિધનથી શોકનો માહોલ છવાઈ ગયો છે.

32 વર્ષીય અરવિંદ બ્રીજબિહારી રાય ભારતીય સેનાની '33 મીડિયમ તોપખાના રેજીમેન્ટ'માં હવાલદાર તરીકે રાજસ્થાનના જોધપુર ખાતે ફરજ બજાવતા હતા. છેલ્લા 14 વર્ષથી સેનામાં સેવા આપતા અરવિંદ રાય થોડા દિવસોની રજા લઈને પોતાના વતન ઘેલખડી ખાતે પરિવારને મળવા આવ્યા હતા.

રવિવારે બપોરના સમયે તેઓ ઘરે પરિવાર સાથે હતા ત્યારે અચાનક તેમની તબિયત લથડી હતી અને છાતીમાં ભારે દુખાવો શરૂ થયો હતો. પરિવારજનો તાત્કાલિક તેમને નવસારી સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તેમનું મોત થયું હતું. તબીબોના જણાવ્યા મુજબ પ્રાથમિક રીતે હાર્ટ અટેકના કારણે તેમનું અવસાન થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે.

યુવાન જવાનના અકાળે અવસાનથી પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે. તેઓ પાછળ પત્ની, 6 વર્ષનો પુત્ર અને માત્ર 9 મહિનાની પુત્રીને વિલાપમાં મૂકી ગયા છે. ઘરમાં એકમાત્ર આધારસ્તંભ ગુમાવતા પરિવારજનોની સ્થિતિ કરુણ બની ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ ભારતીય સેનાની ટુકડી નવસારી પહોંચી હતી. પોસ્ટમોર્ટમની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જવાનના પાર્થિવ દેહને વતન લાવવામાં આવ્યો હતો, જ્યાં આર્મીના જવાનો દ્વારા ગાર્ડ ઓફ ઓનર આપી પૂરા લશ્કરી સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. વીર જવાનની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા.

## નવસારી કોંગ્રેસમાંથી 15થી વધુ 6 વર્ષ માટે સસ્પેન્ડ કરાયા

**છેલ્લી** ઘડીએ ફોર્મ ખેંચનારા સામે હાઇકમાન્ડે કડક વલણ અપનાવ્યું

નવસારી, બીલીમોરાઃ નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી બાદ કોંગ્રેસમાં ભારે રાજકીય ભૂકંપ આવ્યો છે. પક્ષના મેન્ડેટ પર ઉમેદવારી નોંધાવ્યા બાદ અંતિમ ક્ષણે ફોર્મ પરત ખેંચી સંગઠન સાથે વિશ્વાસઘાત કરનાર 15થી વધુ ઉમેદવારો સામે ગુજરાત પ્રદેશ કોંગ્રેસે કડક કાર્યવાહી કરતાં તેમને 6 વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. કોંગ્રેસ હાઈકમાન્ડના આ નિર્ણયથી સ્થાનિક રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે. માહિતી મુજબ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની અનેક બેઠકો પર કોંગ્રેસના સત્તાવાર ઉમેદવારો તરીકે ફોર્મ ભરનારાઓએ છેલ્લી ઘડીએ ઉમેદવારી પાછી ખેંચી લીધી હતી. પક્ષે આ ઘટનાને સીધી "ગદ્દારી" ગણાવી કડક વલણ અપનાવ્યું છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાના માર્ગદર્શન હેઠળ શિસ્ત સમિતિએ કાર્યવાહી હાથ ધરી હતી. જિલ્લા પંચાયતની અમલસાડ, બોદાલી, પનાર, રૂમલા, સમરોલી અને સુપા બેઠક ઉપરાંત તાલુકા પંચાયતની પીપલગભાણ, તલાવચોરા, તેજલાવ, દેવસર, ધકવાડા, મેંધર, સરીબુજરંગ અને વાગ્રેચ બેઠકોના ઉમેદવારો સામે પગલાં લેવામાં આવ્યા છે.આ યાદીમાં સરોજબેન પટેલ, સંતોષભાઈ હળપતિ, દિપીકાબેન હળપતિ, વલ્લભભાઈ દેશમુખ સહિતના આગેવાનોના નામ સામેલ હોવાનું જાણવા મળ્યું છે. પક્ષ દ્વારા નવસારી જિલ્લા કોંગ્રેસ પ્રમુખને સત્તાવાર પત્ર પાઠવી નિર્ણયનો અમલ કરવા સૂચના આપવામાં આવી છે.

## વલસાડમાં 4 કરોડના ખર્ચે બનેલા પાળાના દરવાજા પણ તૂટી ગયા

**દમણગંગા** નહેર વિભાગની લાલિયાવાડી બહાર આવી

**ભાગડાવાડાની** 1100 એકર જેટલી જમીન ખારા પાણીના કારણે બરબાદ થઇ રહી છે

વલસાડ : વલસાડ ભાગડાવડા ગામે ખેતીની જમીનમાં આવી જતા ખારા પાણીને અટકાવવા માટે પાળા બનાવવામાં આવ્યા હતા. રૂ. 4 કરોડ ખર્ચે બનેલા આ પાળાની હાલત હાલ ખૂબ ખરાબ છે. તેના દરવાજા તૂટી ગયા છે. જેના કારણે સ્થિતિ જેમની તેમ થઇ ગઇ છે અને અહીંની ખેતીની જમીન બરબાદ થઇ રહી છે. જેની અનેક વખત ફરિયાદ કરવા છતાં દમણગંગા વિભાગના સ્થાનિક અધિકારીઓના પેટનું પાણી સુદ્ધા હલતું નથી.

વલસાડના ભાગડાવડા ગામે દમણગંગા નહેર વિભાગે ખારા પાણી અટકાવવા પાળા બનાવ્યા હતા. રૂ. 4 કરોડના ખર્ચે બનેલા આ પાળાનું કામ એટલું હલકી કક્ષાનું છે કે, તેના દરવાજા તૂટી ગયા છે. તેની ડિઝાઇન મુજબ પાળા બનાવાયા નથી. પાળામાં જ્યારે ભરતીના પાણી આવે ત્યારે દરવાજા બંધ થઇ જાય અને પાણી ઉતરે ત્યારે દરવાજા ખુલી જાય એ પ્રકારના પાળા બનાવાયા હતા. જોકે, હાલ હલકી કક્ષાના બનેલા પાળાના દરવાજા તૂટી ગયા છે અને પરિસ્થિતિ જેમની તેમ જ છે.

આ પાળાના કારણે 1100 એકર જેટલી જમીન ખારા પાણીના કારણે બરબાદ થઇ રહી છે. અહીંના પશુધાનના ચારા પર પણ તેની માઠી અસર પહોંચી રહી છે. તેમની આ સમસ્ય અંગે નહેર વિભાગને અનેક ફરિયાદ કરવા છતાં તેમણે કોઇ દરકાર કરી ન હતી. ત્યારે હવે આ અંગે ગામ લોકો આગામી સમયમાં કલેક્ટરને રજૂઆત કરશે.

## નવસારીમાં મોડીરાત્રે વિદ્યાર્થી પર ચપ્પુથી હુમલો

**તળાવ** પાસે બનેલી ઘટના, હુમલાખોર ફરાર થઇ ગયો

નવસારીઃ નવસારી જિલ્લાના વિજલપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ચંદ્રવાસણ સુપા ગામમાં મોડીરાત્રે બનેલી ચપ્પુ હુમલાની ઘટનાએ સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જ્યો છે. મિત્રો સાથે તળાવ પાસે બેઠેલા એક વિદ્યાર્થી પર ગામના જ યુવકે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ચંદ્રવાસણ સુપાના વચલા ફળીયામાં રહેતો 19 વર્ષીય વ્રજ પટેલ ગત 10 મેની રાત્રે પોતાના મિત્રો સાથે ગામના નવા ફળીયા તળાવ નજીક બેઠો હતો. દરમિયાન ગામનો જ એક યુવક પોતાની મેસ્ટ્રો મોપેડ પર ત્યાં આવ્યો હતો. શરૂઆતમાં સામાન્ય બોલાચાલી બાદ વાત ઉગ્ર બની ગઈ હતી.

આક્ષેપ મુજબ, ઉશ્કેરાયેલા યુવકે પહેલા વ્રજને થપ્પડ મારી હતી અને ત્યારબાદ તેના મિત્રો સામે પણ ધમકીભર્યું વર્તન કર્યું હતું. થોડા જ ક્ષણોમાં મામલો હિંસક બની જતા આરોપીએ પોતાના પાસે રહેલા ધારદાર હથિયારથી વ્રજની પીઠના ભાગે હુમલો કર્યો હતો.

## જલાલપોરમાં કરંટ લાગતા યુવાનનું મોત

**મંડપ** ઉતારતી વખતે વીજ વાયરને અડતાં દુર્ઘટના

નવસારીઃ જલાલપોર તાલુકાના હાંસાપોર ગામે મંડપ સર્વિસમાં કામ કરતા 24 વર્ષીય યુવાનનું કરંટ લાગ્યા બાદ સારવાર દરમિયાન મોત થયું છે. મૂળ પંચમહાલ જિલ્લાના જોરાપુરા ગામનો હિતેષકુમાર બારીયા હાંસાપોર ખાતે રહી મજૂરી કામ કરતો હતો.

ગત 5 મેના રોજ મંડપ ઉતારતી વખતે લોખંડની પાઈપ જીવંત વીજ વાયરને અડી જતા તેને જોરદાર કરંટ લાગ્યો હતો. ગંભીર હાલતમાં તેને નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પાંચ દિવસની સારવાર બાદ 10 મેના રોજ તેનું મોત થયું હતું.

ઘટના અંગે જલાલપોર પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## દાદરા નગર હવેલીમાં પુત્રએ જ જનેતાની હત્યા કરી

વાપી : દાદરા નગર હવેલીના વેલુગામમાં પુત્રએ માતા પર તિક્ષ્ણ હથિયારથી હુમલો કરતા માતાનું મોત થયું હતું. પોલીસે માતાની હત્યાના ગુનામાં પુત્રની ધરપકડ કરી હતી.

આ બનાવની મળતી વિગતો મુજબ, દાનહના વેલુગામમાં રહેતી 50 વર્ષની ધારમી સંજીયા વસાવડા એના પુત્ર જીતેશ સાથે ઘરલુ બાબતે ઝગડો થયો હતો. આ ઝગડાએ ઉગ્ર રૂપ ધારણ કરતા પુત્ર જીતેશે તેની માતા પર તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. જેના કારણે તેની માતા લોહીલુહાણ થઇ ગઈ હતી. આ ઘટના બાદ પુત્ર જીતેશ ઘરેથી ભાગી ગયો હતો.આ ઝગડો જોતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા. લોકોએ જોયુ તો ધારમીબેન ઘાયલ અવસ્થામા જમીન પર પડ્યા હતા. તેમને તાત્કાલિક ખાનવેલ હોસ્પરિટલમાં લઇ જવામા આવ્યા હતા. હોસ્પિટલના ફરજ પરના ડોકટરે તેમને મૃત જાહેર કર્યા હતા. મૃતક ઉપર હથિયાર હુમલો કર્યો હોવાને કારણે હત્યાનો મામલો હોવાથી ખાનવેલ પોલીસને જાણ કરવામા આવી હતી. પીએસઆઇ છાયા ટંડેલ અને એમની ટીમ હોસ્પીટલ પર આવી અને પીએમ બાદ ખરેખર હત્યા જ થઇ હોવાનુ માલુમ પડતા ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. તેમજ પુત્ર જીતેશને શોધવાની તજવીજ હાથ ધરી હતી. ત્યાર બાદ પોલીસે તેની ધરપકડ કરી હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર જીતેશ હંમેશા ઘરમા કોઈને કોઈ કારણસર ઝગડો કરતો હતો. એના આ ત્રાસના કારણે એની પત્ની પણ તેને છોડીને જતી રહી હતી.આ ઘટનામા ખાનવેલ પોલીસ ફરિયાદ નોંધી વધુ તપાસ પીએસઆઇ છાયા ટંડેલ કરી રહ્યા છે.


અભિનંદન શુભેચ્છા...



| વોર્ડ નંબર 1 | વોર્ડ નંબર 2 | વોર્ડ નંબર 3 | વોર્ડ નંબર 4 | વોર્ડ નંબર 5 | વોર્ડ નંબર 6 |
|---|---|---|---|---|---|
| આશિષકુમાર અશોકભાઈ રાખોલીયા | અશોકકુમાર લવજીભાઈ ધોરાજીયા | દિવ્યકાંત લાધાભાઈ પનારા (મુન્નો પનારા) | આસીફભાઈ ગુલામભાઈ મેમણ (બરોડાવાલા) | પરિમલકુમાર ખંડુભાઈ ટંડેલ | ઉર્વીબેન મનનભાઈ શાહ |
| કેયુરી જયદીપભાઈ દેસાઈ | કૃતિકા રાવસાહેબ પાટીલ | મેવાભાઈ જેહાભાઈ ચૌધરી (મહેશ ચૌધરી) | કલ્પનાબેન નરેશભાઈ કહાર | મિનાક્ષીબેન તુષારભાઈ નાયક | બીપીનભાઈ બુધીયાભાઈ ટીમ્મર |
| જશુબેન સુમનભાઈ રાઠોડ | જયાબેન નવીનભાઈ રાઠોડ | રેખાબેન રાકેશભાઈ સાંડીસ | | મુકેશકુમાર સુરેશચંદ્ર અગ્રવાલ | રીટાબેન પરેશભાઈ પટેલ |
| દિપકકુમાર બુધિયાભાઈ પટેલ | રમેશભાઈ મૂળજીભાઈ વાળા | હર્ષિદાબેન હર્ષદભાઈ ભાવસાર | | સંગીતાબેન હસમુખભાઈ રાઠોડ | વિરેન્દ્રભાઈ શંકરભાઈ પટેલ |

| વોર્ડ નંબર 7 | વોર્ડ નંબર 8 | વોર્ડ નંબર 9 | વોર્ડ નંબર 10 | વોર્ડ નંબર 11 | વોર્ડ નંબર 12 | વોર્ડ નંબર 13 |
|---|---|---|---|---|---|---|
| મિલીબેન જિગેશભાઈ દેસાઈ | ઉર્વેશ વાહજીભાઈ દેસાઈ | જયેશભાઈ બાબુભાઈ રાઠોડ | કિરણબેન વિજયકુમાર બલ્લા | દિલીપસિંહ મલખાનસિંહ ભદૌરિયા | જોમાબેન રાજુભાઈ ભરવાડ | ભાવીનભાઈ સુમંતરાય નાયક |
| રાકેશકુમાર ગોપાળભાઈ પટેલ | નરેશભાઈ ખેંગારજી પુરોહિત | જુલીબેન શૈલેષભાઈ લાખાણી | સુશીલાબેન શંકરસિંગ ગિરાસે | પરેશભાઈ દિનેશભાઈ ભારતીયા | પ્રિયંકાબેન મુકેશભાઈ પટેલ | મધુબેન અમ્રતભાઈ પટેલ |
| રૂપેશભાઈ જયંતિલાલ શાહ | નીતુબેન રવિકુમાર શાહ | ધર્મેશભાઈ ભીમભાઈ પટેલ | સુનિલ મારૂતિરાવ લાંજેવાર | હિરનબેન સુરેશચંદ્રસિંહ રાજપુત - કેળાવાળા | રાકેશભાઈ રમણભાઈ પટેલ | માધવીબેન કૃણાલભાઈ શેઠ |
| રોશનીબેન સંજયભાઈ મિસ્ત્રી | જ્યોત્સનાબેન ઝવેરભાઈ પ્રજાપતિ | ભારતીબેન ધર્મેશભાઈ પટેલ | સુનીલ રઘુનાથભાઈ પાટીલ | આરતીબેન બી. ભરવાડ | રોશન દિલીપકુમાર વાઘવાણી | વિજયભાઈ મનુભાઈ રાઠોડ |

નવરચિત નવસારી મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષના વોર્ડ નં. ૧ થી વોર્ડ નં. ૧૩ ના વિજેતા બનેલ ૫૦ કોર્પોરેટરોનો ઐતિહાસિક વિજય થવા બદલ હાર્દિક અભિનંદન. નવસારી શહેર - મહાનગરપાલિકા વિસ્તારના વિકાસમાં આપ સૌ નવા પ્રાણ પૂરશો તેમજ છેવાડાના માનવીની સુખાકારી માટે કાર્ય કરો અને સફળ બનો એવી શુભેચ્છાઓ...

શુભેચ્છક

સુરેશચંદ્ર એસ. અગ્રવાલ, બાબુલાલ માણેકલાલ શાહ, મનોજકુમાર ટીલુમલ ખટવાણી | દિનેશચંદ્ર એસ. અગ્રવાલ, માધુભાઈ કથીરીયા, હરીશભાઈ મંગલાણી | ઓમપ્રકાશ અગ્રવાલ, બાબુભાઈ પટેલ (રઘુવંશી હોન્ડા), કૈલાશચંદ્ર પી. શાહ | પ્રથમેશ વશી, બિરેન કંસારા, સંકેતભાઈ પટેલ | પ્રેમચંદ લાલવાણી, ભરતભાઈ સુખડીયા, પિયુષભાઈ ગજેરા | પિયુષભાઈ દેસાઈ, સુરેશભાઈ બોઘાણી, રણજીતભાઈ શાહ | રમેશભાઈ હિરાણી, સંજયભાઈ નાયક, કમલેશભાઈ ચૌહાણ

મહેન્દ્રભાઈ શાહ (દરબાર), પોદ્દાર ઈન્ટરનેશનલ | ભક્તશ્રી સિદ્ધિવિનાયક મંદિર - નવસારી, ભક્તશ્રી જલારામ બાપા મંદિર - કાલિયાવાડી | ભક્તશ્રી વીરવાડી હનુમાનજી, ભક્તશ્રી આશાપુરી મંદિર - વિજલપોર | ભક્તશ્રી સ્વામિનારાયણ મંદિર - ગ્રીડ, ભક્તશ્રી સાંઈબાબા મંદિર - ઉન

સૌજન્ય : એક શુભેચ્છક